**વિસ્તરણ શિક્ષણ નિયામક**
નવસારી કૃષિ યુનિવર્સિટી
**નવસારી**

.......................................................................................................................................

# પરિપત્ર

.......................................................................................................

**વિષય : દક્ષિણ ગુજરાતના સાત જિલ્લામાંથી "શ્રેષ્ઠ પુરુષ ખેડૂત" અને "શ્રેષ્ઠ મહિલા ખેડૂત"ની પસંદગી માટે અરજીઓ મંગાવવા બાબત.....**

.......................................................................................................

દક્ષિણ ગુજરાતના સાત જિલ્લામાંથી દર વર્ષે એક **"શ્રેષ્ઠ પુરુષ ખેડૂત"** અને એક **"શ્રેષ્ઠ મહિલા ખેડૂત"** નું સન્માન કરવાનું ઠરાવવામાં આવેલ છે. તે અનુસાર ચાલુ વર્ષ-૨૦૨૬ માટે દક્ષિણ ગુજરાતના સાત જિલ્લામાંથી **"શ્રેષ્ઠ પુરુષ ખેડૂત"** અને **"શ્રેષ્ઠ મહિલા ખેડૂત"** ની પસંદગી માટેની માર્ગદર્શિકા અને અરજીપત્રકનો મુસદો મંજૂર કરવામાં આવેલ છે તે મુજબ દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાના ખેડૂત સમુદાયમાંથી અરજીઓ મંગાવવામાં આવે છે. **"શ્રેષ્ઠ પુરુષ ખેડૂત"** અને **"શ્રેષ્ઠ મહિલા ખેડૂત"** ની પસંદગીમાં ભાગ લેવા માટે આગામી **તારીખ.૩૦/૦૯/૨૦૨૬** સુધીમાં સામેલ નિયત અરજી પત્રકમાં અરજી તૈયાર કરી, આપશ્રીના જિલ્લાના સિનિયર સાઇન્ટિસ્ટ એન્ડ હેડ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રને અચૂક મોકલી આપવાની રહેશે. આ અરજી પત્રકો **આપશ્રીના જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર મારફતે જ** મોકલવાની રહેશે જેની નોંધ લેવી. જે તે જિલ્લાના સિનિયર સાઇન્ટિસ્ટ એન્ડ હેડ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરજી પત્રકની પૂરતી ચકાસણી કરી જોડેલ ડોક્યુમેન્ટસની સચોટ ખરાઈ કરીને, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને આગામી **તારીખ.૧૩/૧૦/૨૦૨૬** સુધીમાં જરૂરી કાર્યવાહી અર્થે બિનચૂક મોકલી આપવાની રહેશે. **સમય મર્યાદા બાદ આવેલ અરજી પત્રકો રદ થયેલ ગણાશે જેની તાકીદ લેવી.**

આ સાથે **"શ્રેષ્ઠ પુરુષ ખેડૂત"** અને **"શ્રેષ્ઠ મહિલા ખેડૂત"**ની પસંદગી માટેની માર્ગદર્શિકા અને અરજીપત્રક સામેલ રાખેલ છે. જેનો સંપૂર્ણ અભ્યાસ કરી જરૂરી તમામ પુરાવાઓ સાથે અરજી કરી શકશો.

૨.૯.૨૬
**વિસ્તરણ શિક્ષણ નિયામક**

**સામેલ** : ઉપર મૂજબ
જા. ન. નકૃયુ/વિશિની./ડી.૨/ **શ્રેષ્ઠ ખેડૂત/વેબ.૩૭/૨૦૨૬**
તા.૦૨/૦૯/૨૦૨૬

# માર્ગદર્શિકા

## "શ્રેષ્ઠ પુરુષ ખેડૂત" અને "શ્રેષ્ઠ મહિલા ખેડૂત"–NAU-૨૦૨૬

### કોણ અરજી કરી શકશે ?

આ એવોર્ડ મેળવવા નવસારી કૃષિ યુનિવર્સિટીના કાર્યવિસ્તાર (દક્ષિણ ગુજરાતનાં સાત જિલ્લા)ના ખેડૂત ભાઈ/બહેન વ્યક્તિગત રીતે નીચે જણાવેલ ક્ષેત્ર પૈકી એક ક્ષેત્રમાં આ સાથેના નિયત અરજી પત્રકમાં માર્ગદર્શક નિયમોને આધીન અરજી કરવાની રહેશે . આ એવોર્ડમાં ભાગ લેવા ઇચ્છનાર પ્રગતિશીલ ભાઈ કે બહેને આ સાથેનું અરજી પત્રક કાળજી પૂર્વક ભરી નિયત સમય સુધીમાં જરૂરી બિડાણ સહિત જે તે જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડાને મોકલી આપવાનું રહેશે . સમયમર્યાદા બાદ આવેલ અને અધૂરી વિગતોવાળું અરજી પત્રક ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

(કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સરનામા નીચે સામેલ છે.)

### એવોર્ડ માટે કૃષિ સાથે કૃષિ સંલગ્ન વ્યવસાય જેવા કે:

| ક્ષેત્ર ક્રમાંક | વિષય |
|---|---|
| ૧ | કૃષિ અને બાગાયત (તમામ ક્ષેત્રિય અને બાગાયતી પાકો )<br>• પ્રાકૃતિક ખેતી<br>• સજીવ ખેતી<br>• સંકલિત ખેતી વ્યવસ્થાપન<br>• સંકલિત પોષણ વ્યવસ્થાપન<br>• સંકલિત જીવાત વ્યવસ્થાપન |
| ૨ | જળ અને જમીન વ્યવસ્થાપન<br>• જમીનઅનેપાણીસંગ્રહ<br>• પાણીનીઉપયોગિતા<br>• કુદરતીસંસાધનોનીજાળવણી<br>• હવામાન, પાણી, જમીનઅનેજૈવવૈવિધ્ય |
| ૩ | બિનપિયત ખેતી હેઠળના પાકો, સૂકી ખેતી |
| ૪ | ગ્રીનહાઉસ/પોલિ હાઉસ/નેટ હાઉસમાં ખેતી |
| ૫ | મૂલ્ય વૃદ્ધિ પેકિંગ અને નવીન વેચાણ વ્યૂહરચના |
| ૬ | કૃષિ યંત્રિકીકરણ, ખેત ઓજારઅનેપાકની જાત સંશોધન |
| ૭ | મત્સ્યપાલન, રેશમકીડા ઉછેર, મધમાખી ઉછેર, મશરૂમની ખેતી, વર્મી કંપોસ્ટ,બાયો ઈન્પુટ પ્રોડક્ટ (બાયો પેસ્ટીસાઇડ, બોટાનીકલ પેસ્ટીસાઇડ, જીવામૃત વગેરે) |
| ૮ | પશુપાલન, ડેરી, મરઘાંઉછેર, ઘેટાંઉછેર, બકરીપાલન, અન્ય કૃષિ સંલગ્ન વ્યવસાયિક પ્રવૃત્તિઓ |

## એવોર્ડ માટેના માર્ગદર્શક નિયમો:

| | |
|---|---|
| ૧. | આ એવોર્ડ વ્યક્તિગત ખેડૂત માટેનો જ છે. વ્યક્તિગત ખેડૂત સિવાય ખેડૂતોના જૂથ/સોસાયટી /પેઢી કે કંપની વગેરેની અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં. અરજદાર ખેડૂતનું નામ ૭/૧૨ અને ૮-અમાં હોય તેવા જ ખેડૂતે અરજી કરવી. ૭/૧૨ અને ૮-અ માં ખેડૂતનું નામ ન હોય તો પ્રમાણિત સરકારી વારસાઈ જોડવાની રહેશે. વધુમાં ૭/૧૨ અને ૮/અ ચાલુ વર્ષની રજૂ કરવી. |
| ૨. | કૃષિ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રના સાત જીલ્લા પૈકી એક "શ્રેષ્ઠ પુરુષ ખેડૂત" અને એક"શ્રેષ્ઠ મહિલા ખેડૂત" તરીકે પસંદગી કરવામાં આવશે. |
| ૩. | "શ્રેષ્ઠ પુરુષ ખેડૂત" અને "શ્રેષ્ઠ મહિલા ખેડૂત"ની પસંદગીમાં ભાગ લેવા માટે નક્કી કરાયેલ અંતિમ તારીખ સુધીમાં નિયત અરજી પત્રકમાં અરજી કરવાની રહેશે. આ અરજી પત્રકો જે તે જિલ્લાના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર મારફતે જ અત્રે મોકલવાની રહેશે. |
| ૪. | "શ્રેષ્ઠ પુરુષ ખેડૂત" અને "શ્રેષ્ઠ મહિલા ખેડૂત" ની પસંદગીમાં ભાગ લેવા માટે અરજદાર ખેડુત/મહિલાએ પોતાની આવડત અને પ્રયોગ દ્વારા મેળવેલી સિદ્ધીની સંપૂર્ણ વિગત સ્વહસ્તાક્ષરે અથવા ટાઈપ કરીને ભરવાની રહેશે. ખેડુતની અરજી લાયક છે તેની પસંદગી, ચકાસણી કૃષિ વિજ્ઞાન કેન્દ્રની ટીમ દ્વારા કરીને તે મુજબ ભલામણ કરશે. |
| ૫. | "શ્રેષ્ઠ પુરુષ ખેડૂત "અને"શ્રેષ્ઠ મહિલા ખેડૂત "ની પસંદગીમાં ભાગ લીધેલ ખેડુતે મેળવેલ સિધ્ધીઓના પરિણામો અન્ય ખેડૂતોને ત્યાં લાગુ કરવાની સંભાવનાઓ , ખેડૂતે મેળવેલ સિધ્ધીઓમાં શું વૈજ્ઞાનીક અભિગમ છે? અને કેટલા ખેડૂતોએ તેનો લાભ લીધેલ છે? તે અવશ્ય જણાવવાનું રહેશે. |
| ૬. | અરજીમાં વિષયને સુસંગત ફોટોગ્રાફ્સ ફરજિયાતપણે જોડવાના રહેશે. ફોટોગ્રાફ્સ વિનાની અરજી ધ્યાને/ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.અરજદાર ખેડૂ તે મેળવેલ સિધ્ધિઓ સબબના ઓછામાં ઓછા છેલ્લા ત્રણ વર્ષના પરિણામોને ધ્યાને લેવામાં આવશે. |
| ૭. | "શ્રેષ્ઠ પુરુષ ખેડૂત" અને "શ્રેષ્ઠ મહિલા ખેડૂત" ની પસંદગી માટે પસંદગી સમિતિનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે. પસંદગી એ હક્કની બાબત નથી અને આ અંગે કોઈ દાદ-ફરિયાદ લક્ષમાં લેવામાં આવશે નહીં. પસંદગી સમિતિનો નિર્ણય કાયદાની પ્રક્રિયાથી પર રહેશે. આ બાબતમાં કોઈપણ પત્રવ્યવહાર સ્વીકારવામાં આવશે નહીં. |
| ૮. | "શ્રેષ્ઠ પુરુષ ખેડૂત "અને"શ્રેષ્ઠ મહિલા ખેડૂત "ની પસંદગીમાં પસંદગી સમિતિ દ્વારા એક વખત એવોર્ડ મેળવ્યા બાદ પાંચ વર્ષ પછી અન્ય વિષય સાથે અરજી કરી શકશે. જેની ખાસ નોંધ લેવી |
| ૯. | "શ્રેષ્ઠ પુરુષ ખેડૂત" અને "શ્રેષ્ઠ મહિલા ખેડૂત"ની પસંદગીમાં ભાગ લેવા માટે એવોર્ડ સ્થળે પોતાના ખર્ચે આવવાનું રહેશે તથા અરજીમા જણાવેલ ક્ષેત્ર અંગેની માહિતીનું પ્રેઝન્ટેશન કરવાનું રહેશે. |
| ૧૦. | "શ્રેષ્ઠ પુરુષ ખેડૂત" અને "શ્રેષ્ઠ મહિલા ખેડૂત"ની અરજીપત્રકમાં દર્શાવેલ તમામ વિગતોના આધાર પુરાવાઓ ફરજિયાત જોડવાના રહેશે. જેવાં કે, ફોટોગ્રાફ, બિલ વગેરે. |
| ૧૧. | ઉપરોક્ત એવોર્ડ માટે એક પરીવારમાંથી જેતે વર્ષ માં એકજ વ્યક્તિ દ્વારા અરજી કરી શકાશે. |
| ૧૨. | સજીવ ખેતી માટેના વિષય ઉપર અરજી કરનારા ખેડૂતોએ સરકાર માન્ય પ્રમાણપત્ર ફરજિયાત રજૂ કરવાનું રહશે |
| ૧૩. | પ્રાકૃતિક ખેતી માટે ની અરજી કરનાર ખેડૂતની જમીનનો ઓર્ગનિક કાર્બન ૦.૮ અથવા એથી વધારે હોવો જોઈએ અને એ બાબતનું જમીન ચકાસણી અહેવાલ ફરજિયાત ચાલુ વર્ષનો રજૂ કરવાનો રહશે. વધુમાં પ્રાકૃતિક કૃષિ માટેનું સરકાર માન્ય પ્રમાણપત્ર રજૂ કરવાનું રહશે. |

## અરજી પત્રક મોકલવાના સરનામા:

૧. વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,નવસારી,જી. નવસારી -૩૯૬ ૪૫૦
૨. વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સુરત,જી. સુરત-૩૯૫ ૦૦૭
૩. વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,ડેડીયાપાડા,જી નર્મદા-૩૯૩ ૦૪૦
૪. વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,વ્યારા,જી. તાપી-૩૯૪ ૬૫૦
૫. વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,વઘઇ,જી ડાંગ-૩૯૦ ૪૭૦
૬. વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ચાસવાડ જી. ભરૂચ-૩૯૩ ૧૩૦
૭. વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,ગુજરાત વિધાપીઠ,અંભેટી જી.વલસાડ ૩૯૬ ૧૯૧

ક્ષેત્ર ક્રમાંક:_______________

# "શ્રેષ્ઠ પુરુષ ખેડૂત" અને "શ્રેષ્ઠ મહિલા ખેડૂત"–NAU-૨૦૨૬

## :: અરજીપત્રક ::

**પ્રતિ**,
વિસ્તરણ શિક્ષણ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી.

**વિષય: "શ્રેષ્ઠ પુરુષ ખેડૂત" અને "શ્રેષ્ઠ મહિલા ખેડૂત"–NAU-૨૦૨૬ એવોર્ડમાં ભાગ લેવા માટેનું ઉમેદવારી પત્રક મોકલવા બાબત...**

**માનનીય સાહેબશ્રી,**

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે હું નામે શ્રી/શ્રીમતી ............................................................ ............................................વર્ષ: ૨૦૨૫ ના "**શ્રેષ્ઠ પુરુષ ખેડૂત " અને "શ્રેષ્ઠ મહિલા ખેડૂત "–NAU**-૨૦૨૫ એવોર્ડ મેળવવા માટેનું નિયત અરજીપત્રક એક નકલમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જિલ્લા:..................... ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાને મોકલી આપું છું, તેથી ઘટતી આગળની કાર્યવાહી થવા વિનંતી છે.

સામેલ : અરજીપત્રક

**(પુરુષ ખેડૂત / ખેડૂત મહિલાની સહી)**

..........................................................................................................................................

**મારફત રવાના**: જે તે જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા

ઉપરોક્ત આવેલ શ્રી/શ્રીમતી ...................................................................**પુરુષ ખેડૂત/મહિલા ખેડૂતની** અરજી આ સાથે સામેલ છે. જેની પૂરતી ચકાસણી કરી જોડેલ ડોક્યુમેન્ટસની સચોટ ખરાઈ કરીને, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને જરૂરી કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવે છે. આ અરજી સાથે સામેલ તમામ વિગતો, ડોક્યુમેંટ્સ, ફોટોગ્રાફ્સ, આવક - જાવકના હિસાબ , અન્ય આંકડાકીય માહિતીની સચોટ તપાસ કરીને મોકલવામાં આવે છે. જે બાબતેનું હું નીચે સહી કરનાર પ્રમાણપત્ર આપું છું.

સ્થળ :
તારીખ: **(જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડાની સહી અને સિક્કો)**

# "શ્રેષ્ઠ પુરુષ ખેડૂત"અને "શ્રેષ્ઠ મહિલા ખેડૂત"–NAU–૨૦૨૬

**::અરજી પત્રક ::**

ફોટો

૧. ખેડૂતનું નામ :................................................................

૨. સરનામું :.......................................................................

પો...........................................

તા.........................................

જી........................................... ફોન નં. .............................

૩. જન્મ તા.. .................................વર્ષ:..................................

૪. શૈક્ષણિક લાયકાત:..........................................................................................

૫. ક્ષેત્ર ક્રમાંક ..................

૬. વિષય...................................................................................

૭. આ વ્યવસાય સાથે કોઈ આનુષંગિક વ્યવસાય અપનાવેલ હોયતો તેની વિગત

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

૮. ધારણ કરેલ જમીન ની વિગત :

જમીનનો સર્વે નંબર: ..................................પિયત :..........................હે,.......................

બિનપિયત :................................. હે................................. કુલ :...........................હે.

**નોંધ : ૭/૧૨ અને ૮–અ ઉતારાની તાજેતરની નકલ (ચાલુ વર્ષની) અવશ્ય જોડવી.**

૯. પિયતનું સાધન :

ટ્યૂબવેલ :.......................................... કેનાલ :........................................ અન્ય સાધન:.........................

૧૦. જે બાબતે સિધ્ધી મેળવેલ છે તેની છેલ્લા ત્રણ વર્ષની વિગત :(૧૦)

(ક) પ્રણાલીગત ખેતીપધ્ધતિ

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

(ખ) જેતે વિષયમાં સિધ્ધી અંગેની પ્રેરણા ક્યાંથી અને કેવી રીતે મળી તેની સંક્ષિપ્ત વિગત :

(ગ) અપનાવેલ નવીન અભિગમ અને સિધ્ધિની વિસ્તૃત માહિતી

૧૧. આપના અરજી કરેલા મુખ્ય વિષયની (જે ક્ષેત્રમાં અરજી કરેલ હોય) એ વિષયની સિધ્ધિને લગતી આંકડાકીય માહિતીનો સમાવેશ અરજીપત્રક પરિશિષ્ઠ-૧ માં આપેલ લાગુ પડતાં કોષ્ઠકમાં ભરવું .

૧૨. મુખ્ય વિષય (ક્રમ નં ૧૧) સિવાય,અન્ય કૃષિ અથવા કૃષિ સંલગ્નકોઈ વ્યવસાય કરતા હોય તો એ બાબતની સિધ્ધિને લગતી આંકડાકીય માહિતીનો સમાવેશ અરજીપત્રક પરિશિષ્ઠ-૧ માં આપેલ લાગુ પડતાં કોષ્ઠકમાં ભરવું .

૧૩. આપે જે બાબતે સિધ્ધી મેળવેલ છે તેનો અન્ય ખેડૂતોએ લાભ લીધો હોય/ખેડૂતોને માર્ગદર્શન આપેલ હોય/અન્ય ખેડૂતોએ અપનાવેલ હોય તો તેની વિગત

૧૪. આપે જે બાબતે સિધ્ધી મેળવેલ છે તે સંદર્ભે કૃષિ યુનિવર્સિટીના અધિકારી વૈજ્ઞાનિક/કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો સાથે પરામર્શ કે વિચાર વિનિમય કરેલ હોય તો તેની વિગત

૧૫. આપની સિધ્ધી સ્થાનિક પધ્ધતિ કરતાં કઈ રીતે ચઢિયાતી છે? તેની વિગત તેમજ તે પધ્ધતિ બીજા ખેડૂતો અપનાવેતો શું ફાયદો થઈ શકે તેઅંગે આપના વિચારો.

૧૬ કૃષિ સાથે સંકળાયેલા કુદરતી સંસાધનો (પાણી , જમીન વગેરે)ની જાળવણી માટે લીધેલા યોગ્ય પગલાં વિષે માહિતી દર્શાવવી

૧૭ આપની આ સિદ્ધિ અથવા અન્ય કોઈ સિદ્ધિ માટે કોઈ એવોર્ડ મળેલ હોય તો જણાવો

| **ક્રમ** | **એવોર્ડનું નામ** | **વિષય/ક્ષેત્ર** | **એવોર્ડ આપનાર સંસ્થાનું નામ** | **વર્ષ** |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |

## પરિશિષ્ઠ–૧ (પ્રશ્ન નં ૧૧અને ૧૨ માટેના કોષ્ઠક)

કોષ્ઠક: ૧ કૃષિ ક્ષેત્રે છેલ્લા ત્રણ વર્ષની વિગત :

| વિગત | ૨૦૨૩–૨૪ | | | ૨૦૨૪–૨૫ | | | ૨૦૨૫–૨૬ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ખરીફ | રવિ | ઉનાળુ | ખરીફ | રવિ | ઉનાળુ | ખરીફ | રવિ | ઉનાળુ |
| પાક | | | | | | | | | |
| કુલ વિસ્તાર (હેક્ટર) | | | | | | | | | |
| કુલ ઉત્પાદન (કી.ગ્રા.) | | | | | | | | | |
| કુલ આવક રૂા. | | | | | | | | | |
| કુલ ખર્ચ રૂા. | | | | | | | | | |
| કુલ ચોખ્ખો નફો.રૂા. | | | | | | | | | |
| પ્રતિ હેક્ટર વિસ્તારની માહિતી | | | | | | | | | |
| ઉત્પાદન (કી.ગ્રા./હે.) | | | | | | | | | |
| આવક (રૂા./હે.) | | | | | | | | | |
| ખર્ચ (રૂા./હે.) | | | | | | | | | |
| નફો (રૂા./હે.) | | | | | | | | | |

નોંધ : (૧) આકડાકીય માહિતી તેમજ ઉત્પાદનનો આધારબિલ સાથે રજૂ કરવાનો રહેશ
(૨) વધારાની માહિતી માટે જરૂરી વધારાના પત્રક રજૂ કરવા.
(૩)ફોટોગ્રાફ્સ /સીડી/ડીવીડી આધાર પુરાવા માટે સામેલ કરવાના રહેશે.

કોષ્ઠક: ૨ પશુપાલન ક્ષેત્રે છેલ્લા ત્રણ વર્ષની વિગતો

| વર્ષ | કુલ પશુઓની સંખ્યા | દુજણા પશુઓની સંખ્યા | વર્ષ દરમ્યાન કુલ આવક(રૂા.) | વર્ષ દરમ્યાન કુલ ખર્ચ(રૂા.) | વર્ષ દરમ્યાન કુલ નફો(રૂા.) | દુજણા પશુ દીઠ વાર્ષિક નફો(રૂા.) | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦૨૩–૨૪ | | | | | | | |
| ૨૦૨૪–૨૫ | | | | | | | |
| ૨૦૨૫–૨૬ | | | | | | | |

નોંધ : (૧) ઘાસ/દાણ/મજૂરી તેમજ અન્ય કુલ ખર્ચમાં સામેલ કરવાના રહેશે.
(૨) દૂધ સિવાયની આવક અલગથી બતાવવાની રહેશે.
(૩) દર્શાવેલ આવકના પુરાવા ફરજિયાત સામેલ રાખવા.

અને/ અથવા

કોષ્ઠક: ૩અન્ય કૃષિ સંલગ્ન વ્યવસાયિક પ્રવૃતિઓ/ ક્ષેત્રની છેલ્લા ત્રણ વર્ષની વિસ્તૃત વિગત

| વર્ષ | વર્ષ દરમ્યાન કુલ આવક (રૂા.) | વર્ષ દરમ્યાન કુલ ખર્ચ (રૂા.) | વર્ષ દરમ્યાન કુલ નફો (રૂા.) | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૨૦૨૩–૨૪ | | | | |
| ૨૦૨૪–૨૫ | | | | |
| ૨૦૨૫–૨૬ | | | | |

નોંધ :દર્શાવેલ આવકના પુરાવા ફરજિયાત સામેલ રાખવા.

## :: બાંહેધરી ::

"શ્રેષ્ઠપુરુષ ખેડૂત"અને"શ્રેષ્ઠ મહિલા ખેડૂત"-NAU-૨૦૨૫ માટે ઉપરોક્ત આપેલી માહિતી સાચી છે. જે ખોટી પુરવાર થશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી મારી રહેશે. અરજી નામંજૂરને પાત્ર ઠરશે તો તે બાબતે હું સમિતિનો નિર્ણય સ્વીકારીને મારી ઉમેદવારી રદબાતલ માનીશ. જે મારા ધ્યાનમાં છે. એવોર્ડ માટે સમિતિ જે નિર્ણય લેશે તે મને બંધનકર્તા રહેશે. આ માટે હું કોઈ હક્કદાવો કરીશ નહીં કે તે અંગે કોઈ પત્ર વ્યવહાર અથવા કાયદાકીય કાર્યવાહી કરવા હકદાર રહીશ નહિ.

જો "શ્રેષ્ઠપુરુષ ખેડૂત"/"શ્રેષ્ઠ મહિલા ખેડૂત"-NAU-૨૦૨૫ માટે મારી પસંદગી થશે તો મારા પોતાના ખર્ચે એવોર્ડનાં સ્થળે ઉપસ્થિત રહી મેં મેળવેલ સિધ્ધી બાબતનું પ્રેઝન્ટેશન રજૂ કરવાની બાંહેધરી આપું છું.

સ્થળ :

તારીખ : ખેડૂતનું નામ તથા સહી